# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-08-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# JP NADDA TIRANGA YATRA

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટના રેસકોર્સ ખાતેથી રાજ્યવ્યાપી “હરઘર તિરંગા” અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાનમાં હજારો નાગરિક જોડાયા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ કહ્યું હતું કે, ગુજરાતની માટીમાંથી આપણને પ્રેરણા મળે છે. આ ભૂમિને હું નમન કરું છું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આઝાદીના અમૃતકાળમાં દેશને વર્ષ 2047 સુધીમાં વિકસિત બનાવવાનું સ્વપ્ન જોયું છે અને તેને સાકાર કરવાની નેમ લીધી છે.

શ્રી નડ્ડાએ કહ્યું, આઝાદીના અમૃત કાળમાં દેશને વર્ષ 2047 સુધીમાં વિકસિત બનાવવા આપણું શ્રેષ્ઠ યોગદાન આપવાનો સંકલ્પ લઈએ એ જ તિરંગા યાત્રાની સફળતા ગણાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, પ્રધાનમંત્રીશ્રીએ શરૂ કરેલા "મેરી માટી મેરા દેશ", "આઝાદી કા અમૃત મહોત્સવ", "તિરંગા યાત્રા" અભિયાને નાગરિકોમાં નેશનફર્સ્ટની ભાવનાને પ્રબળ કરવામાં સફળતા મેળવી છે.

જનસભા બાદ મહાનુભાવોએ તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. તમામ મહાનુભાવો હાથમાં તિરંગો લઈને રેસકોર્સથી જયુબિલી ગાર્ડન સુધી જોડાયા હતા. જ્યાં મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

------------------

# DISTRICT TIRANGA YATRA

રાજ્યભરમાં આજથી "હરઘર તિરંગા" અભિયાનની ઉજવણીનો પ્રારંભ થયો છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં "હર ઘર તિરંગા" અભિયાન હેઠળ દમણ નગરપાલિકા દ્વારા 104 ફિટ લંબાઈ ધરાવતા તિરંગા સાથે તિરંગા યાત્રા યોજાઈ. દરમિયાન બીચની સફાઈ પણ કરવામાં આવી હતી.

ગીરસોમનાથ જિલ્લામાં સૂત્રાપાડા તાલુકાના લોઢવા ગામમાં કન્યાશાળાથી ગામના મુખ્ય ચોક સુધી તિરંગા યાત્રા યોજાઈ ગઈ. આ યાત્રામાં વિદ્યાર્થીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. તેમ જ આ પ્રસંગે શાળામાં ચિત્ર અને રંગોળી વેશભૂષા જેવી સ્પર્ધા યોજાઈ ગઈ. ઉપરાંત સૂત્રાપાડા તાલુકા પંચાયત કચેરી ખાતે "સિગ્નેચર અભિયાન" યોજાયું હતું.

સુરેન્દ્રનગર જિલ્લામાં એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાઈન્સ મહાવિદ્યાલયથી જવાહર પોલીસ પરેડ ગ્રાઉન્ડ સુધી તિરંગા યાત્રામાં યોજાઈ હતી. આ યાત્રામાં નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા, કલેક્ટર સહિતના મહાનુભાવો તેમ જ 3 હજાર 500 લોકો જોડાયા હતા. જિલ્લામાં ઠેરઠેર યાત્રાના માર્ગ પર તિરંગા યાત્રાનું સ્વાગત કરાયું હતું.

દાહોદના ઝાલોદમાં આંગણવાડીના બાળકોએ પણ "હરઘર તિરંગા" અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા યોજી હતી. યાત્રામાં બાળકો

રાષ્ટ્રધ્વજને હાથમાં લઈ ગામના લોકોને અભિયાનમાં સહભાગી થવા અપીલ કરી હતી.

નવસારી જિલ્લાના પ્રાથમિક શાળાના બાળકોએ "હરઘર તિરંગા" અભિયાન અંતર્ગત લોકજાગૃતિ માટે માનવ આકૃતિ દ્વારા "હરઘર તિરંગા" અને "અશોક ચક્ર"ની મનમોહક કલાકૃતિ બનાવી હતી.

. . . . . . . . . . . . . . . . .

## World Lion Day - Modi

રાજ્યભરમાં આજે વિશ્વ સિંહ દિવસની ઉજવણી થઇ રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ સિંહ દિવસ પ્રસંગે વન્ય જીવ સંરક્ષણ સાથે સંકળાયેલા તમામ લોકોને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મિડિયાના માધ્યમથી શ્રી મોદીએ ફેબ્રુઆરી મહિનામાં આંતરરાષ્ટ્રીય બીગ કેટ એલાયન્સની સ્થાપના માટે કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરીનો પણ ઉલ્લેખ કર્યો છે.

તેમણે તમામ વન્યજીવ પ્રેમીઓને ગીર રાષ્ટ્રીય અભયારણ્યની મુલાકાત લેવા અને રાજ્યનાં લોકોનાં આતિથ્યનો અનુભવ કરવા પણ આમંત્રણ આપ્યું હતું.

શ્રી મોદીએ ગુજરાતમાં તાજેતરનાં વર્ષોમાં  સિંહોની સંખ્યામાં થયેલા વધારાને ખુશીના સમાચાર ગણાવ્યા હતા.

-------------------------------

# WORLD LION DAY - CM

આજે વિશ્વ સિંહ દિવસની ઉજવણી સાસણ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં થઇ હતી.. આજે સૌરાષ્ટ્રના જુનાગઢ ગીર સોમનાથ અમરેલી સહિત 11 જિલ્લામાં 11,000 થી વધુ શાળા કોલેજ અને યુનિવર્સિટીઓમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીઓની રેલી, ચિત્ર સ્પર્ધા, ફોટો પ્રદર્શન અને પ્રતિજ્ઞા પત્ર સહિતના કાર્યક્રમો યોજાયા હતા. સાસણ ખાતે મુખ્યમંત્રીએ સિંહના મ્હોરા પહેરેલા વિદ્યાર્થીઓની રેલીને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાયું હતું. તો ગીરના સાવજ ઉપરના પ્રદર્શનને પણ ખુલ્લું મૂક્યું હતું.

(બાઇટ - ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

..........................................

# PARIMAL NATHWANI ON LION DAY

રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ  વિશ્વ સિંહ દિવસ નિમિત્તે ગીરની સિંહણ પર સૌપ્રથમ વિડિયો ગીત રિલિઝ કરી પ્રધાનમંત્રીને સમર્પિત કર્યું હતું... પરિમલ નથવાણીએ 'ગીર ગજવતી આવી સિંહણ' શિર્ષક ધરાવતું એક અનોખું ઓડિયો વિડિયો ગીત પ્રસિધ્ધ કર્યું છે. સાંભળીએ ગીર ગજવતી આવી સિંહણ ગીતની કેટલીંક પંક્તિઓને

( ગીતનો ઓડિયો )

સાંસદ પરિમલ નથવાણીએ ગીતની માહિતી આપતા  વધુમાં આ મુજબ કહ્યું હતું..

(બાઇટ - પરિમલ નથવાણી, સાંસદ)

--------------------------------------------------

## WEATHER

રાજ્યના હવામાન વિભાગે આજે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં આજે સવારે 6 વાગ્યાથી બપોરે 12 વાગ્યા સુધી 47 તાલુકામાં વરસાદ સામાન્ય વરસાદ નોંધાયો હતો. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીનો મોસમનો સરેરાશ 70 ટકા વરસાદ વરસ્યો છે.

સત્તાવાર યાદી મુજબ, રાજ્યના 47 ડેમ 100 ટકા ભરાઈ ગયા છે. તો 41 ડેમ 70થી 100 ટકા, 21 ડેમ 50થી 70 ટકા જેટલા ભરાયા છે. તો 62 ડેમ હાઈ અલર્ટ, 15 ડેમ અલર્ટ, 11 ડેમ ચેતવણી પણ રાખવામાં આવ્યા છે.

----------